# જિલ્લામાં આજે બે ઉચ્ચસ્તરીય ટીમો આરોગ્ય અને ઉજવલ્લાના અમલીકરણને લઈ આવી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે નીતિ આયોગ તેમજ વર્લ્ડ બેંકની ટીમ આવી હોવાથી તંત્ર દોડધામમાં વ્યસ્ત જણાયુ હતુ. જોકે આ બન્ને ટીમની મુલાકાતમાં આરોગ્યની સેવાઓ એ સામાન્ય મુદો રહ્યો હતો.

નીતિ આયોગની ટીમે અડાલજ અને ઉવારસદની મુલાકાત લઈ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તેમજ ઉજવલ્લા યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો એટલુ જ નહિ યોજનાનો લાભ લેવામાં પડી રહેલી મુશ્કેલીઓ વિશે પણ લાભાર્થીઓ સાથે વાત કરી હોવાનું જાણવા મળેલ છે.

નીતિ આયોગની ટીમ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં કેન્દ્રની યોજનાઓ અંગે અભ્યાસ કરી રહેલ છે. મળતી વિગતો પ્રમાણે આજે ટીમની મુલાકાત દરમ્યાન યોજનાના અભ્યાસ માટેનું ચેકલીસ્ટ તૈયાર કરવાની કવાયત કરવામાં આવી હતી. જોકે હવે પછી આ યોજનાઓના અમલીકરણ અંગે વિસ્તૃત અભ્યાસ કરવામાં આવશે.

બીજી તરફ વિશ્વબેંકની ટીમ રૂપાલ પ્રા.આરોગ્ય કેન્દ્રની મુલાકાતે હતી. આ ટીમે અહિ ૩ કલાક જેટલો સમય વિતાવ્યો હતો અને સેવાઓના સઘનીકરણની સાથે સુદઢીકરણ અંગે નાની-નાની વિગતોની જાણકારી મેળવી હતી.

આ ટીમે કોમ્યુનિકેશનની સિસ્ટમ અંગે પણ ઊંડાણથી જાણકારી મેળવી હતી. ખાસ કરીને રસીકરણ અભિયાન સહિતના મુદ્દાઓ અંગે તેમજ સેવાઓમાં સુધારાત્મક પગલાંઓ શું શું જરૂરી છે તેની વિગતો મેળવી પોતાનો અહેવાલ તૈયાર કરશે.

## નીતિ આયોગની ટીમે ઉવારસદ તેમજ અડાલજની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સહિત દેશના પાંચ રાજ્યોમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને ઉજવલ્લા યોજનાને લઈ અભ્યાસ માટે નીતિ આયોગની ટીમ આજે ગાંધીનગર આવી હતી.

આ ટીમે ઉવારસદ તેમજ અડાજમાં લાભાર્થીઓને મળી યોજનાના લાભ મેળવવામાં થતા વિલંબ તેમજ સુધારા માટેના સૂચનો માંગ્યા હતા. આ ટીમે ઉવારસદમાં ૪ જેટલા તો અડાલજમાં ૧૦ જેટલા લાભાર્થીઓ સાથે વાતચીત કરી હોવાનું જાણવા મળેલ છે.

આ ટીમે આ પછી ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી સાથે પણ એક બેઠક કરી હતી. આ વેળાએ જિલ્લા પુરવઠા અધિકારી અને જિલ્લાના ક્વોલીટી એસ્યોરન્સ અધિકારી પણ જોડાયા હતા. આ ટીમે જિલ્લામાં ચાલી રહેલી કામગીરી, લાભાર્થીઓને લઈ પણ કેટલીક ચર્ચાઓ કરી હોવાનું જાણવા મળેલ છે.

આ ટીમ સાંજે દિલ્હી પરત જવા રવાના થઈ ગઈ હતી. જિલ્લામાં નીતિ આયોગની ટીમ આવી હોવાથી તંત્ર પણ સતત વ્યસ્ત અને દોડધામમાં જણાયુ હતુ.

## રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે વિશ્વબેંકની ટીમ પહોંચી

### સેવાઓના સઘનીકરણ અને સુદઢીકરણ અંગે પરામર્શ કર્યો

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકારે આરોગ્ય સેવાના સુદઢિકરણ માટે ''શ્રેષ્ઠ ગુજરાત' વિશ્વ બેંકના સહયોગથી અમલી બનાવવા જઈ રહી છે ત્યારે વિશ્વબેંકના અધિકારીઓએ આજે રૂપાલ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી.

ગાંધીનગર તાલુકાના રૂપાલ પ્રા.આ. કેન્દ્રની મુલાકાતે સવારે ૯.૩૦ વાગે આ ટીમ પહોંચી હતી તેણે ત્રણ કલાક જેટલો સમય અહિ વિતાવી નાની-નાની વિગતોની જાણકારી મેળવી હતી.

મળતી વિગતો પ્રમાણે પ્રા.આ. કેન્દ્રોમાં ખુટતી સુવિધાઓ, જે સુવિધા હોવા છતાં શું શું તકલીફો તેના અમલીકરણમાં સામે આવી રહી છે, પ્રા.આ. કેન્દ્રોના કર્મયોગીઓ સંપૂર્ણ તાલિમબદ્ધ છે કે કેમ, પ્રા.આ. કેન્દ્રમાંથી સરકારના નોન ક્લીનીકલ કામગીરી માટે કેટલો સમય જાય છે, દવાનો જથ્થો અને જરૂરિયાત, એક્સ-રે ની સુવિધા છે કે કેમ, લેબોરેટરીમાં કેટલા પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે, જેવી વિવિધ બાબતોની ચકાસણી કરી અને જાણકારી મેળવી હતી.આ ટીમે આરોગ્ય સેવાના સુદઢીકરણ કરવા માટેના સૂચનો પણ માગ્યા હોવાનું જાણવા મળેલ છે. ટીમે ગુણવત્તાસભર સેવાઓ સાથે સઘનીકરણ સેવાઓનું થાય તે માટે ખાસ ભાર મુક્યો હોવાનું જાણવા મળેલ છે.

# પેગાસસ કંપનીને ડિબાર કરવાનો હુકમ રદ કરવાની કાર્યવાહી નિયમાનુસાર થઈ છે

ગાંધીનગર, તા. ૧૦

સોલાર રૂફટોપ ક્ષેત્રે કાર્યરત કંપની પેગાસસ અને તે સંદર્ભે ઊર્જા વિભાગ વિવાદોમાં ઘેરાયેલો છે. પેગાસસને ડિબાર કરવાનો હુકમ રદ કરવાની અને પેનલ્ટી ઘટાડવાની કાર્યવાહી નિયત કાર્યપદ્ધતિને અનુસરીને સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કાયદેસર રીતે નિયમાનુસાર કરવામાં આવી છે, તેમાં કોઈ ગેરરીતિ થઈ નથી તેવુ સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. ગુજરાતમાં સોલાર રૂફટોપ ક્ષેત્રે પેગાસસ કંપની કાર્યરત છે. કેટલાક કારણોસર કંપનીને ડિબાર કરવાનો હુકમ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા કરવામાં આવ્યો હતો. આ ડિબારનો હુકમ રદ કરવા અંગે પેગાસસ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆત અન્વયે જેડા દ્વારા એક સમિતિની રચના કરી તે અંગે પુનઃ સમીક્ષા કરવાનુ અને કંપનીને રજૂઆતની તક આપવાનો નિર્ણય લેવાયો હતો. કંપની તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે જેડાએ તેમને આપેલા વર્ક ઓર્ડરની સામે પ્રોબ્લેમેટીક્સ સાઈટ આપ્યા હોવાનુ, કંપનીનો વધારેલ સમય મર્યાદાની જાણ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કરવામાં આવી હોવાની અને પૂર્ણ થયેલ કામોની સામે ચૂકવવામાં સામાન્ય ક્લેરીકલ ભુલોના આધારે બીલો ચૂકવ્યા ન હોવાથી રજૂઆત કરી હતી. જે સમિતિએ ચકાસતા સાચી હોવાનુ જણાયુ હતુ. સમિતિએ આ બાબતોને અને ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીના તા. ૧૨-૫-૨૧ના નોટીફીકેશન મુજબ પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રના કામોમાં એક સાથે છ મહિનાની સમયમર્યાદા વધારવાનું અમલીકરણ જેડા દ્વારા થયુ નથી એ ધ્યાને લઈ ડિબારનો હુકમ રદ કરવાની ભલામણ કરી હતી જે કામો પૂર્ણ થઈ ગયા છે તેના ચૂકવણા કરવા, જે કામો ચાલુ છે અને ૨૫ થી ૭૫ ટકા કામો પૂર્ણ થઈ ગયા છે તે પૂર્ણ કરવા ૪૫ દિવસની સમયમર્યાદા વધારવાની અને સંપૂર્ણ બાકી કામો રદ કરવાની ભલામણ કરી હતી.

આ બાબતે નાણા સલાહકાર (નાણા વિભાગ) સાથે પરામર્શ કર્યા બાદ અને સરકારની મંજૂરી મેળવી ડિબારના હુકમને રદ કરવાનો નિર્ણય લવાયો હતો. પેનલ્ટી પણ તે હુકમ મુજબ નક્કી કરવામાં આવી હતી. આ કામગીરી ઊર્જા વિભાગે નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને સક્ષમ સત્તાની મંજૂરી મેળવીને કાયદેસર નિયમાનુસાર કરી હતી. તેમાં ક્યાંય કોઈ ગેરરીતિ આચરવામાં આવી નથી. ઊર્જા વિભાગે તમામ પાસાઓને ચકાસ્યા છે અને તે મુજબ જ હુકમો કર્યા છે.

### ગિફ્ટ સીટીને જોડતા

# પાલજ-શાહપુર માર્ગનુ ૨૫ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

### ગિફ્ટ સીટીની દરખાસ્ત અન્વયે તંત્ર દ્વારા માર્ગનુ રીસરફેસીંગ હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરાઇ : ગિફ્ટ સીટીને જોડતા માર્ગોને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર નજીક વિકાસ પામતા ગિફટ સીટીને અનુલક્ષી આસપાસના વિસ્તારમાં પણ માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. ગિફટી સીટીને અનુલક્ષી વર્ષો અગાઉ આ વિસ્તારમાં કેબલ સ્ટેડ બ્રિજ પણ તૈયાર કરાયો છે. જયારે ગીફટ સીટીને જોડતા માર્ગ પર સ્ટ્રીટ લાઇટના નવા થાંભલાઓ પણ ફીટ કરવામાં આવ્યા હતા. જયારે હવ ગિફટ સીટીની દરખાસ્તને અનુલક્ષીને નેશનલ હાઈવેને જોડતા પાલજ, બાસણ , શાહપુર માર્ગનુ કામ હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરાશે. માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરી રસ્તાને ચકાચક બનાવી દેવાશે.

ગિફટ સીટીને અનુલક્ષી આસપાસના વિસ્તારમાં પણ માર્ગોનુ નેટવર્ક અપગ્રેડ કરવા સહીત અન્ય માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરવામાં આવે છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. જેમાં કોરોના કાળના અંતે કામો શરૂ થવામાં હતા ત્યારે ક્વોરી ઉદ્યોગની હડતાળના લીધે માર્ગોની સુધારણા સહીતના અનેકવિધ વિકાસકામો અટવાયા હતા જયારે હાલમાં પણ શહેરમાં એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે ખોદકામ ચાલી રહ્યુ છે જેથી શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. જયારે ગાંધીનગર નજીક વિકાસ પામતા ગિફટ સીટીને અનુલક્ષી આસપાસના વિસ્તારમાં પણ અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં રોડ નેટવર્ક સહીત સ્ટ્રીટ લાઇટની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. ગિફટ સીટીની દરખાસ્તના અંતે આ વિસ્તારમાં શાહપુર, પાલજ બાસણને જોડતા માર્ગનુ પણ રીસરફેસીંગ કરવામાં આવશે જેની પાછળ અંદાજતિ રૂ ૨૪.૫૦ કરોડનો ખર્ચ કરાશે. નેશનલ હાઈવેને જોડતા આ માર્ગ પર જ એજ્યુકેશન અને ઈન્સ્ટીટ્યુશનલ ઝોન કાર્યરત થયા છે. જયારે આ માર્ગની સુધારણાને અનુલક્ષી ગિફટ સીટી કક્ષાએથી જ સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી.

જયારે વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટમાં ગિફટ સીટીનો સમાવેશ થતો હોવાથી ઉચ્ચ કક્ષાએથી મળેલી સુચનાને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ આ માર્ગના રીસરફેસીંગ માટે રૂ ૨૪.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે.

જયારે મહીનાના અંત પુર્વે ટેન્ડર સહીતની અન્ય પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. બીજીતરફ વરસાદી દિવસો પણ નજીકમા છે ત્યારે ચોમાસામાં માર્ગ સુધારણાની કામગીરી કરવાનુ શકય નથી જેથી આ કાર્યયોજના ચોમાસાના લીધે વિલંબમાં પડે તેવી પણ સંભાવના છે. તંત્ર દ્વારા ગિફટ સીટીની સાથે જોડાયેલા વિવિધ માર્ગોના વાઇડનીંગ માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે.

# સે-૧૫ સાયન્સ કોલેજમાં રીનોવેશનનુ કામ હાથ ધરાશે

### બે લેબોરેટરીનુ પણ નવિનીકરણ કરાશે : કોલેજ નજીક સ્થિત હોસ્ટેલ બિલ્ડીંગમાં પણ કામગીરી હાથ ધરાશે ઉપરાંત બોટનિકલ ગાર્ડનમાં પણ વોક વે બનાવાશે : કાર્યયોજનાને અનુલક્ષી ૨ કરોડના ખર્ચને વહીવટી મંજુરી

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં સે-૧૫ સાયન્સ કોલેજના બિલ્ડીંગના રીનોવેશન માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેમાં કોલેજની લેબોરેટરી સહીત નજીકમાં સ્થિત હોસ્ટેલ બિલ્ડીંગનુ પણ રીનોવેશન કરાશે ગ્રાઉન્ડ ઉપરાંત બે મજલાના આ બન્ને બિલ્ડીંગના રીનોવેશનની કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે જો કે હજુ આ કાર્યયોજના અન્વયે વહીવટી મંજુરી મળવાની પ્રક્રીયા પુર્ણ થઈ ગઈ છે. જેથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાયા બાદ કામ શરૂ થતા હજુ સમય લાગશે.

ગાંધીનગરના સે-૧૫ માં સ્થિત સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જયારે વર્ષો જુની આ કોલેજ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના અંતે સાયન્સ ફેકલ્ટીમાં આગળ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે ઘર આંગણે જ ઉપલબ્ધ હોવાથી પ્રથમ પસંદગી બને છે. પરંતુ હાલ કોલેજનુ બિલ્ડીંગ પણ ઘણુ જુનુ થઈ ગયુ છે. જયારે નજીકમાં સ્થિત હોસ્ટેલ બિલ્ડીંગમાં પણ સમારકામ કરવાની અનિવાર્યતા છે. જેને અનુલક્ષી કોલેજ કક્ષાએથી માર્ગ મકાન વિભાગને કોલેજના તેમજ હોસ્ટેલના બિલ્ડીંગમાં જરૂરી રીનોવેશન કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી જેના અંતે બન્ને બિલ્ડીંગમાં રીનોવેશનની કાર્યયોજનાને અનુલક્ષી અભ્યાસના અંતે બે માળના કોલેજ બિલ્ડીંગમાં સ્થિત કેમેસ્ટ્રી અને ફિઝિકસની લેબોરેટરીના રીનોવેશનનુ કામ હાથ ધરાશે જેમાં ફ્લોરીંગ અને પ્લાસ્ટર સહીત બારી બારણાનુ પણ નવિનીકરણ કરાશે. જયારે ધાબાની ઉપર પણ ચાઈનામોજેકની કામગીરી કરાશે કોલેજ બિલ્ડીંગની દિવાલોમાં ભેજ ન ઉતરે તે માટે હોસ્ટેલ તેમજ કોલેજ બન્ને બિલ્ડીંગના ધાબે આ કામ પુર્ણ કરાશે. આ ઉપરાંત ટોઈલેટ બ્લોકનુ પણ રીનોવેશન કરવામાં આવશે આ ઉપરાંત બિલ્ડીંડના કેટલાક ભાગમાં કલરકામ પણ કરવામાં આવશે. જયારે કોલેજને અનુલક્ષી નિર્માણ કરાયેલા બોટનિકલ ગાર્ડનમાં પણ સરળતાથી અવરજવર થઈ શકે તે માટે વોક વે બનાવવા માટે પેવર બ્લોકનુ કામ હાથ ધરાશે. કોલેજ તેમજ હોસ્ટેલના બિલ્ડીંગના રીનોવેશનના કામને અનુલક્ષી વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે ત્યારબાદ કામ શરૂ કરાશે. બિલ્ડીંગની સાથે લેબોરેટરીનુ જરૂરી રીનોવેશન કરવામાં આવનાર હોવાથી વિદ્યાર્થીઓને પણ જરૂરી સુવિધા મળી રહેશે.



બાળકોને સતત અવનવી પ્રવૃત્તિઓ કરતા રહેવુ ગમે છે. ચંચળ બાળકો આખો દિવસ ક્યાંય પગ વાળીને બેસતા નથી. તસ્વીરમાં દેખાતી શ્રમજીવી પરિવારની દિકરી માથે પાણીની બોટલ મુકીને સમતુલન જાળવવા પ્રયાસ કરી રહી છે. જીવનમાં આવતા ચઢાવ-ઉતારથી અપરિચિત એવી આ બાળકી બોટલની સમતુલા જાળવતા શીખી જાય તો પણ ઘણુ છે. ઈશ્વર આવા નાના માસુમ બાળકોને જીવનના ચઢાવ-ઉતારમાંથી મુક્તિ આપે એવી પ્રાર્થના...




વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે છે. તેઓએ આજે પોતાના કાર્યક્રમના બીજો તબક્કો અમદાવાદથી શરૂ કર્યો હતો. આ તબક્કામાં તેઓ ઈસરોનું નવનિર્મિત ઈસરો ભવનની બોપલ ખાતે ખુલ્લુ મુક્યું હતું અને તકનીકી અને અન્ય બાબતોની જાણકારી મેળવી હતી. ઈસરોની તમામ જરૂરિયાતો સંતોષાઈ જાય તે પ્રકારે આ સંપુર્ણ ભવનને તૈયાર કરવામાં આવ્યું હતું.

## આવતીકાલે 'કન્વીકશન રેટ : સરકારી વકીલની ભુમિકા' વિષયક ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે પરિસંવાદ યોજાશે




ગાંધીનગર, તા. ૧૦

ડાયરેકટર ઑફ પ્રોસીકયુશનના ઈન્ચાર્જ ડાયરેકર જગરૂપસિંહ રાજપૂતે જણાવ્યુ હતું કે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે તા.૧૨ જુન ૨૦૨૨ના રોજ સવારે ૧૧ થી ૨ દરમિયાન 'કન્વીકશન રેટઃ સરકારી વકીલની ભુમિકા' વિષયક એક દિવસીય પરિસંવાદ યોજાશે. જેની અધ્યક્ષતા રાજ્યના કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદી કરશે. રાજપૂતે ઉમેર્યું હતું કે રાજ્યમાં ફોજદારી કોર્ટોમાં ચાલતા કેસોમાં ગુનેગારોને કડક સજા થાય અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી રીતે જળવાઈ રહે તે માટે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મુકામે ડાયરેકટર ઑફ પ્રોસીકયુશનના ઈનચાર્જ ડાયરેકર જગરૂપસિહ રાજપૂત અને નાયબ નિયામક રાકેશ રાવે મીડિયાને માહિતી આપતા કહ્યુ કે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી રાજયના કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના પ્રયત્નોથી રાજયના લગભગ ૬૧૩ તાલુકા કોર્ટોમાં ફરજ બજાવતા સરકારી વકીલો માટે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૪૩ કેસ નોંધાયા : ૫૧ દર્દી સાજા થયા

### એક મોત થયું : રાજ્યમાં આજે કુલ ૫૯,૭૧૯ રસીના ડોઝ અપાયા હતા

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં કોરોનાના આજે નવા ૧૪૩ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૫૧ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૪,૪૦૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૯.૦૬ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૫૯,૭૧૯ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૬૦૮ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૬૦૮ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૪,૪૦૫ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૫ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે ગાંધીનગર કોર્પોરેશનમાં એક નાગરિકનું કોરોનાને કારણે મોત થયું હતું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૮૩, વડોદરા કોર્પોરેશન ૧૪, ગાંધીનગર કોર્પોરેશન ૧૦, સુરત કોર્પોરેશન ૯, રાજકોટ કોર્પોરેશન ૮, વડોદરા ૪, અમદાવાદ, જામનગર કોર્પોરેશન અને મહેસાણામાં ૩-૩ તથા આણંદ, કચ્છ, નવસારી, સાબરકાંઠા, સુરત અને વલસાડમાં ૧-૧ કેસ નોંધાયો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૭૭૪ નાગરિકોને રસીનો પ્રથમ અને ૨૧૧૫૬ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૪૪ ને રસીનો પ્રથમ અને ૧૯૭૯ ને બીજો ડોઝ અપાયો હતો. ૩૦૦૯૨ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો.

## મુખ્ય મંત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતમૂહુર્ત તેમજ ઉદ્‌ઘાટન થઈ રહ્યા છે તેનાથી દક્ષિણ ગુજરાતના કરોડો લોકોનું જીવન સરળ બનશે. તેનાથી પાયાની જરુરિયાતો પૂરી થવા ઉપરાંત પાયાની કનેક્ટિવિટી વધવાથી આદિવાસી વિસ્તારોમાં રોજગારીના અવસર પણ વધશે. આઠ વર્ષ પહેલા ઘણી આશા-અપેક્ષા સાથે ગુજરાતની જનતાએ મને દિલ્હી મોકલ્યો હતો. આ ગાળામાં વિકાસના સપનાં અને આકાંક્ષાથી અમે કરોડો લોકોને અનેક નવા ક્ષેત્ર સાથે જોડવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

વિરોધીઓને નિશાન બનાવતા પીએમે કહ્યું હતું કે, આઝાદી બાદ જે લોકોએ સૌથી વધુ સમય સરકાર ચલાવી તેમણે વિકાસને પોતાની પ્રાથમિકતા ન બનાવી, તેની જે વર્ગને સૌથી વધુ જરુર હતી ત્યાં તેમણે વિકાસ કર્યો જ નહીં કારણકે આવા કામ કરવા વધારે મહેનત કરવી પડે છે. આદિવાસી ક્ષેત્રના ગામ રસ્તાથી વંચિત હતા, પરંતુ આજે છેલ્લા આઠ વર્ષમાં જે લોકોને રહેવા માટે મકાન, પીવા માટે સ્વચ્છ પાણી તેમજ અન્ય સવલતો મળી તેનો સૌથી વધુ લાભ આદિવાસીઓને મળ્યો છે. એટલું જ નહીં, કોરોનાની વેક્સિન પણ આજે અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકોને પણ મળી ચૂકી છે.

ગુજરાતના આદિવાસી પટ્ટામાં એક સમયે સાયન્સની સ્કૂલો નહોતી, પરંતુ ૨૦૦૧ પછી તેની શરુઆત થઈ હતી. સાયન્સ સ્કૂલો જે કામ શરુ થયું હતું તે આજે એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજો સુધી પહોંચી ગયું છે, અને આદિવાસી પટ્ટામાં હવે તો યુનિવર્સિટીઓ પણ બની રહી છે, તેમ પણ પીએમે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેઓ જેટલો સમય પણ અહીં રહ્યા તે દરમિયાન એકેય દિવસ ભૂખ્યા રહેવાની નોબત નહોતી આવી. આદિવાસીઓ પાસેથી શીખવાના અનેક અવસર મળ્યા હોવાનું કહેતા પીએમે કહ્યું હતું કે અહીંથી તેમને સ્વચ્છતા, સુઘડતા તેમજ શિસ્તના પાઠ શીખવા મળ્યા હતા.

## ડુંગળીનો ભાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે. જેથી ખેડૂતોને તેમણે ડુંગળીની ખેતી માટે ખર્ચેલા પૈસા તો કમસે કમ મળી રહે. ખેડૂતોને પ્રતિ કિલો ડુંગળી ઉગાડવા માટે ૧૫ થી ૧૮ રુપિયા ખર્ચવા પડે છે અને અત્યારે તેની સામે ખેડૂતોને પ્રતિ કિલો ૧ રૂપિયાથી ચાર રૂપિયા મળી રહ્યા છે. આથી આ ડુંગળી એવા રાજ્યોમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે જ્યાં ડુંગળીના સારા ભાવ મળી શકે.

તેમનુ કહેવુ છે કે, જો મહારાષ્ટ્ર સરકાર ડુંગળીના સારા ભાવ ના અપાવી શકે તો તેમણે ડુંગળીના સ્ટોરેજ બનાવવા માટે મદદ આપવી જોઈએ. સ્ટોરેજ બનાવવા માટે રાજ્ય સરકારે ૮૭૦૦૦ રુપિયાની જગ્યાએ ૨ લાખ રૂપિયા પ્રતિ ખેડૂત મદદ કરવી જોઈએ. જેથી ખેડૂતોને સ્ટોરેજના અભાવે મજબૂરીમાં સસ્તા ભાવે ડુંગલી વેચવી ના પડે.

સરકારે ૨૦૨૧-૨૨માં ૩૧.૧ મિલિયન ટન ડુંગળીના અનુમાનનો અંદાજ લગાવ્યો છે. આમ આ વર્ષમાં ઉત્પાદન વધ્યુ છે અને તેના કારણે મહારાષ્ટ્રના ખેડૂતો ઉંધા માથે પછડાયા છે.

## લાઈન ચોકપણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગટર લાઈન બદલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પાણીની પણ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે શહેરના સેકટરોની વસતી અને વિકાસ મુજબ હાલની લાઈન હવે પુરતી ન હોવાથી વર્ષો જુની ગટર લાઈન બિન ઉપયોગી પુરવાર થઈ રહી છે. જેના લીધે શહેરના સેકટરોમાં પણ પ્રશ્નો ઉઠવા પામે છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ દુષિત પાણીનો ભરાવો થતો હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. જયારે શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ વારંવાર ગટરો ઉભરાતા દુષિત પાણીના ભરાવાના લીધે ગંદકી ખદબદતી જોવા મળે છે. સે-૨૧ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી વેપારીઓ અને મુલાકાતીઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે. વર્ષો જુની લાઈન બદલવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ગટરની સમસ્યાને ડામવા માટે સ્થાનિકોએ પણ જાગૃતિ દાખવવી અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ ગટર લાઈનની સમસ્યા ડામવા માટે જરૂરી હોય ત્યાં નવી લાઈન નાંખવા માટે પણ યોગ્ય આયોજન થાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

## દંત ચિકિત્સા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

- બાળકને જીભને તાળવાનાં આગળનાં ભાગે ૬ મિનિટ રાખી, ગળવાની આદત પડાવવી જોઈએ.

- નાનું ઈલાસ્ટિક જીભના અગ્ર ભાગે રાખી તેને તાળવાનાં આગળનાં ભાગે રાખી ખોરાક ગળવાની આદત પડાવવી જોઈએ.

(૨) અપ્લાયન્સથી સારવાર

ટંગ ક્રીબ અથવા ટંગ સ્પર, બ્લ્યુગ્રાસ અપ્લાયન્સ જીભની પોઝીશનને ગાઈડ કરવામાં મદદરુપ આવી શકે છે.

આગળ જતા થયેલી ઓપન બાઈટ / દાંતમાં જગ્યા જેવી સમસ્યાને દૂર કરવામા ફીક્સ ઓર્થોડોન્ટિક થેરાપી (બ્રેસીસ) મદદમાં આવી શકે છે.

બ્રેસીસની મદદથી દાંતની જગ્યા બંધ થઈ શકે છે. જેમાં બ્રેસીસની સાથે ફીક્સ્ડ ટંગ ક્રીબ / સ્પર આપી શકાય છે.

તો મિત્રો જો તમારા પાલ્યને ટંગ થ્રસ્ટ કે પછી આગળ બતાવેલી. માઉથબ્રીધીંગ કે અગૂંઠો ચૂસવાની કોઈ પણ આદત કે તેને લગતી દાંતની સમસ્યા હોય તો અવશ્યપણે ઓર્થોડોનિસ્ટને બતાવી સારવાર અવશ્ય કરાવો.

# Team Sharddhadep

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે..આપણે એ માટે કોઈ સ્થળ કે તપોવનની તલાશમાં અટવાતા રહીએ છીએ..આપણી આ તલાશી જો અંદર તરફ શોધખોળ કરે તો આપોઆપ સમાધિ લાગી જાય એવું તપોવન અનાયાસ મળી જતું હોય છે...આટલી ઝડપથી આ અવસ્થાએ પહોંચવા માટેનો ભીતરનો ભવ્ય માર્ગ છોડીને આપણે બહારના અફાટ પ્રદેશમાં અટવાતા રહીએ છીએ એ પણ એક આશ્ચર્ય છે.